# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૩/૦૭/૨૦૨૬ થી તા.૧૯/૦૭/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ):-** ચાલુ વીકમાં આત્મવિશ્વાસ, વહીવટી કુશળતા અને પૂરતી જાણકારીના કારણે હાથ પરનાં કામ પૂર્ણ થાય. પારિવારિક સાથ અને વ્યવહારકુશળતા સંબંધોને મજબૂત કરશે. જીવનસાથીનો સાથ મળે. વિવિધ વિષયોમાં કસોટી થાય. રાજકારણમાં વિરોધનો સામનો કરવો પડે. નવા કામમાં સફળતા મળે. નોકરીની નવી તક ઊભી થાય. મિત્રો સાથે યાદગાર સામાજિક કામ થાય. પ્રેમ પ્રકરણ રંગીન બને. વિશ્વાસ વધે.

**વૃષભ (બ,વ,ઉ):-** વીક દરમિયાન માતા-પિતા માટે ઈચ્છિત કરવાની તક મળે. નોકરીમાં પ્રમોશન અને સરકારી કામમાં પ્રગતિ થાય. પારિવારિક ધંધામાં આવક વધે. મિત્રોની મદદથી અટકેલાં કામ અને સામાજિક સમસ્યાનું સમાધાન થાય. નવા ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. ઉચ્ચ શિક્ષણમાં સફળતા મળે. પોતાની પ્રતિભા બતાવવાનો મોકો મળે. પ્રેમજીવનમાં મિત્રોની મદદ મળે. કોઈ તરફથી ભેટ મળી શકે છે.

**મિથુન (ક,છ,ઘ):-** સપ્તાહ કામના બોજ સાથે શરૂ થાય પણ વ્યવહાર કુશળતાથી સંતુલન રાખી શકશો. વેપાર-ધંધામાં સામાન્ય રહે. કુટુંબ પરિવારની સમસ્યા સતાવે. જીવનસાથીનો સાથ મળે. સ્વાદિષ્ટ અને મનગમતા ભોજનનો આનંદ મળે. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. તમારા કામની પ્રશંસા થાય. આત્મવિશ્વાસથી અધૂરાં કામ પૂર્ણ થાય. નવાં ઘર-મકાન બાબતે અનુકૂળતા થાય. બહારના કામનો બોજ રહે.

**કર્ક (ડ,હ):-** વીક દરમિયાન મુડ બદલતો રહેવાથી ઘર પરિવારમાં તાલમેળ ઓછો રહે. ખર્ચા વધે. આરોગ્યની સમસ્યા સતાવે. અણગમતા સમાચાર મળે. વિદેશના કામમાં ગતિ આવે. સરકારી યોજનામાં લાભ થાય. રાજકારણ જાહેર જીવનમાં પ્રતિષ્ઠા સાચવવી. નોકરીમાં નવી તક મળે. રોજનાં કામ સામાન્ય રહે. ઉઘરાણી આવે. નવાં રોકાણ થાય. મોજ, શોખ, દલાલી, શિક્ષણ પ્રવાસના કામમાં ગતિ આવે.

**સિંહ (મ,ટ):-** સપ્તાહની શરૂઆત શુભ સમાચારથી થાય. ઉઘરાણી કે અન્ય રીતે નાણાં આવવાથી રાહત થાય. બીજાને પ્રેરણા મળે તેવાં કામ થાય. પ્રેમમાં સાથ મળે. સંતાનોની સમસ્યા સતાવે. ધાર્મિક પ્રવાસ થાય. ગુપ્ત ભય સતાવે. આરોગ્ય બાબતે સાવધાન રહેવું. ભૂતકાળની ભૂલનું પુનરાવર્તન થઈ શકે. સાવધાન અને કોઈની વાતોમાં નિર્ણય બદલવા નહીં, શુભ સમાચાર મળે.

**કન્યા (પ,ઠ,ણ):-** કારકિર્દીની નવી તકો અને કામમાં અનુકૂળતાવાળું વીક રહે. રાજકારણમાં વિરોધનો સામનો કરવો પડે. નોકરી-ધંધામાં અનુકૂળતા અને નવી તકો ઊભી થાય. પ્રમોશન મળે. સરકારી નોકરીની તક ઊભી થાય. પ્રેમ પ્રકરણ ઉત્સાહિત રાખશે. ભેટ-સોગાદથી વિશ્વાસ વધે. પરીક્ષામાં હકારાત્મક રહે. શેરબજારમાં આવક થાય. મિત્રો સાથે સામાજિક કામ થાય. આરોગ્ય નરમ રહે. પ્રવાસ થાય.

**તુલા (ર,ત):-** વીક દરમિયાન સ્વજનો સાથે સંબંધો મજબૂત બને. નોકરીમાં પ્રમોશન મળે. મિત્રોને મદદરૂપ બનશો. તમારો હકારાત્મક અભિગમ નવી તક ઊભી કરશે. શુભ સમાચાર મળે. ઉપરી વર્ગનો સાથ મળે. જાહેર જીવનમાં સાવધાની રાખવી. નવા વેપાર-ધંધામાં નવી આર્થિક તકો ઊભી થાય. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું. પ્રેમમાં ગેરસમજ થાય. વધુ પડતાં લાગણીશીલ બનવું ભારે પડશે.

**વૃશ્ચિક (ન,ય):-** સપ્તાહ પ્રતિકૂળતાનો અનુભવ વધારનાર છે માટે વિરોધીઓથી સાવધાન રહેવું. અચાનક ખર્ચા વધશે. કાનૂની બાબતોમાં કોઈની વાતોમાં આવવું નહીં. ઉધાર લેવા-દેવાનું ટાળવું. આધ્યાત્મિક શાંતિ મળે. ગૂઢ વિદ્યામાં રસ જાગે. અચાનક નવી એકથી વધારે તકો મળે. જેથી નવા વિચારો અને કામ કરવાની ક્ષમતા સાબિત થાય. નોકરી-ધંધા માટે ચડતી-પડતી પણ નવી તકોથી લાભ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ):-** સપ્તાહ દરમિયાન નોકરીમાં પ્રભાવ અને વર્ચસ્વ વધશે. અટકેલાં કાર્યો પાર પડશે. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. નવી નોકરીની તક મળે. પારિવારિક ધંધામાં આવક વધશે. સામાજિક પ્રતિષ્ઠા વધે. દાન-પુણ્યથી માન મળે. નવા મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં જવાબદારી મળે. ધાર્મિક સાહિત્યમાં લાભ થાય. પ્રેમજીવનમાં તાલમેળ વધશે. સમાજ અને જાહેર જીવનમાં સાવધાની રાખવી.

**મકર (ખ,જ):-** ચાલુ વીકમાં સ્વભાવ ઉગ્ર અને સ્વતંત્ર રહેશે. હરીફોથી નુકસાન થઈ શકે. આરોગ્ય નરમ રહે. ખર્ચા વધશે. સરકારી નોકરોની તક ઊભી થાય. ખાવા-પીવાનાં શોખીનોને મુશ્કેલી વધશે. પરિવાર જીવન આનંદમય રહે. રોજની આવક વધશે. ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમમાં સાથ મળે. અચાનક શુભ સમાચાર મળે. વિદેશના કામમાં પ્રગતિ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ):-** સપ્તાહ નવી આવકના સ્રોત ઊભા કરનાર રહે. મોજ-શોખ- ખાણી-પીણી-પ્રવાસ ફેશન, શિક્ષણ શેર બજારને લગતાં કામમાં ભાગ્યનો સાથ મળે. નવા સર્જનાત્મક વિચારોથી નવી તક ઊભી થાય. પ્રેમજીવનનો ખુશીનો અનુભવ વધશે. વિદ્યાર્થીઓને તક મળે. પોતાના સામાનનું ધ્યાન રાખવું. લાગણીઓ પર કાબૂ રાખવો. દાંપત્યજીવન રંગીન બને. પ્રેમની ઓફર આવે.

**મીન (દ,ચ,ઝ,થ):-** સપ્તાહ કૌટુંબિક સંબંધો અને કૌટુંબિક સમસ્યાના નિરાકરણ માટે અનુકૂળ રહેશે. નોકરી-ધંધો-ઘર વગેરેમાં નવા ફેરફારથી નવીનતાનો અનુભવ થાય. નવી વિદેશી કંપનીમાં નોકરીની તક ઊભી થાય. પ્રેમવિવાહની ઓફર આવે. પરીક્ષામાં સફળતા મળે. શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં કામ થાય. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. પારિવારિક જીવન સામાજિક પ્રવૃત્તિમાં પસાર થાય.

## IRAN- ઈરાન

ઈરાન પર અચાનક ફરીથી હુમલા કેમ થયા? સીજફાયર ખત્મ કરીને અમેરિકાએ ઈરાન પર બુધવારની રાત્રે એરસ્ટ્રાઈકથી આઠ શહેરો પર હુમલો કરીને આખી દુનિયાના અર્થતંત્રને ફરીથી આંચકો આપ્યો અને દેશ અને દુનિયાના શેર માર્કેટમાં મોટા ગાબડાથી આર્થિક દુનિયામાં ગભરામણનું મોજું ફરવાનું કારણ?

ઈરાનની કુંડલીના અભ્યાસ કરવાથી થોડા મુદ્દા સાફ દેખાઈ આવે છે કે આ યુદ્ધ કાયમ માટે બંધ થવું મુશ્કેલ છે. કારણકે ઈરાનની સિંહ લગ્નની ફક્ત ચાર અંશ અને મઘા નક્ષત્રની ગંડાતયુક્ત છે અને લગ્નમાં સિંહ રાશિમાં શનિ અને કેતુ બંને પૂર્વાફાલગુની નક્ષત્રમાં અંશાત્મક રીતે ખૂબ જ નજીક છે. શનિ ધીમી રીતે વિનાશ તરફ લઈ જનાર બને છે. જનતામાં સંઘર્ષ અને વિદ્રોહ કરાવીને લાંબા યુદ્ધ તરફ લઈ જનાર બને છે. રાહુ અચાનક હુમલાના યોગ કરે છે. રાહુ કૂટનીતિ, ષડયંત્ર અને યુદ્ધમાં અકલ્પનીય ઘટનાનો કારક હોવાથી યુદ્ધને અટકવા દેતો નથી.

સપ્તમાંશ કુંડલીમાં કન્યા લગ્નમાં બુધ મંગળ આંધળું સાહસ ડરાવનાર છે. વિચાર્યા વગર આંધળો આત્મવિશ્વાસ આ યોગ કરે છે. આવા યોગ ઈરાનને કાયમ આત્મવિશ્વાસમાં રાખે છે અને છેવટે મોટું નુકસાન કરાવે છે. સપ્તમાંશમાં સૂર્ય રાહુની યુતિ પણ પોતાની શક્તિ બહારની તાકાતનો અનુભવ કરાવીને પીછેહઠ કરાવનાર બને છે. અહીં સૂર્ય-રાહુ પર શનિની દૃષ્ટિ છે માટે સૂર્ય-રાહુ સપ્તમાંશમાં પરસ્પર વિરોધી વિચારધારાને પ્રબળ કરનાર બને છે. પોતાની વિચારધારા પાછળ ફના થઈ જવાની શક્તિ આપે છે. જ્યોતિષશાસ્ત્રમાં સપ્તમાંશ કુંડળી જાતકની તાકાત અને નબળાઈ બતાવે છે. અહીં મંગળ-બુધ વૈચારિક અને શારીરિક તાકાત આપે છે. જ્યારે રાહુ-સૂર્ય નબળાઈ આ યોગ હાર અને અપમાનિત કરનાર બને છે.

ઈરાનની અષ્ટમાંશ મકર લગ્નની કુંડલીમાં કેન્દ્રમાં કોઈ જ ગ્રહ નથી. આ કુંડલી અનઅપેક્ષિત મુશ્કેલીનું નિર્દેશન કરે છે. અહીં આઠમા ભાવમાં સિંહ રાશિમાં મંગળ-બુધ આ મુસીબત ગળે લાગતા યોગ કરે છે. માટે ઈરાન ક્યારે પણ યુદ્ધથી મુક્ત નહીં થાય. વિરોધી વિચાર ધારા અને ધાર્મિક ઉન્માદ કાયમ બીજાને વશમાં કરવાના વિચારો સાથે યુદ્ધમાં રાખશે. દ્રષ્કોણ કુંડલીમાં પણ આઠમે મંગળ બુધ અને બાવીસમાં દ્રેષ્કોણનો માલિક ગુરુ બારમે ઉચ્ચનો ભયંકર આર્થિક સંકટના યોગ કરે છે. શત્રુઓથી નુકસાનના યોગ કરે છે. ગુપ્ત શત્રુઓનું નિર્દેશ ગુરુ કરે છે.

ઈરાનની મૂળ સિંહ લગ્નની કુંડલીમાં ગુરુ પોતાની ઉચ્ચ અવસ્થામાં પાંચ અંશનો પુષ્ય-નક્ષત્રમાં બારમે બળવાન સ્થિતિમાં છે. જે કટરધર્મ કે અધ્યાત્મવાદનો કારક બને છે. અહંકાર અને પોતે સર્વોપરીની ભાવના આપે છે. વિપરીત રાજયોગ કરતાં ગુરુ અઢળક સંપત્તિના યોગ કરે છે. સાથે સંપત્તિનો દુર્વ્યય પણ કરાવે છે. જનતાને અધ્યાત્મ અને ધર્મમાં રત રાખીને ધાર્મિક ભાવનાને કાયમ રાખે છે. માટે ઈરાન પોતાની કટ્ટરતાને છોડશે નહીં અને જનતા અને સત્તા સાથે ઘર્ષણ કાયમ રાખશે. તારીખ 18-06-2026 થી ગુરુ ઈરાનની અસ્તિત્વની કુંડલીના મુખ્ય બિંદુ પર આવે છે. તેની કુંડલીમાં ગુરુ પુષ્ય નક્ષત્રનો પ્રથમ ચરણમાં છે અને ગોચરમાં 18-06-2026થી 19-07-2026 સુધી ગુરુ આ જ સ્થિતિમાં રહેનાર છે અને હાલમાં 2011થી 2027 સુધીની મહાદશા પણ આ ગુરુની છે. ગુરુ બારમે બળવાન છે. બળવાન ગુરુ જાતકને અહંકારી અને સ્વતંત્ર બનાવે છે. ધર્મનો કારક ગુરુ જનતામાં દેશભાવના જાગૃત કરીને ધાર્મિક શક્તિ આપનાર બને છે. માટે ઈરાન ક્યારે પણ હાર સ્વીકારશે નહીં. ઈરાન પર ધર્મ અને ધર્મગુરુઓનું પ્રભુત્વ આ ઉચ્ચના પુષ્ય નક્ષત્રના ગુરુના કારણે છે અને તે કાયમ રહેશે. તા.19-07-2026 સુધી ઈરાન આંતરિક શક્તિના જુસ્સામાં રહેશે. આ સમય ઈરાન દુનિયામાં કોઈ જ પરવા કરશે નહીં. ઈરાનની ચંદ્રરાશિનું નક્ષત્ર રોહિણી છે. આ નક્ષત્રથી પુષ્ય નક્ષત્ર પાંચમું છે જે અશુભ ફળ આપનાર બને છે માટે સીજફાયર હોવા છતાં અને કરાર છતાં પણ ઈરાને પોતાનું મમત્વ કે જીદ છોડી નહીં કારણકે આ પ્રત્પરી યોગ વિનાશ કરનાર છે. ગોચરના ગુરુની ચાલ અતિચારી છે જે દેશ દુનિયા માટે અશુભ છે. ઈરાન માટે ગુરુ જેટલો શુભ, ધર્મ, ધન, સામર્થ્ય અને આત્મવિશ્વાસ આપનાર બને છે. એટલો જ વિનાશક પણ છે તે પાંચમાના માલિક તરીકે બારમે શુભ નથી. દેશની પ્રજાને લડાયક બનાવશે અને ક્યારે ઝૂકવાનું નામ નહીં લે. આ અવસ્થા 2027 સુધી રહેશે. ગોચરમાં બીજો અશુભ યોગ જન્મના સૂર્ય જે રેવતી નક્ષત્રમાં છે તે પરથી ગોચરના શનિનું ભ્રમણ પણ રેવતી નક્ષત્રમાં છે. આ એક ભયાનક વિનાશક પરિવર્તનનો યોગ કરે છે. ઈરાનની શક્તિ વધશે અને તે શક્તિ જ તેના વિનાશનું કારણ બનશે. સૂર્ય-શનિનો આવોય યોગ અણધારી નિષ્ફળતા તરફ લઈ જનાર બને છે અને શક્તિ બહારની તાકાત આપે છે. ઘણી વખત અચાનક મહા સફળતા પણ આપે છે. રાહુ પણ શનિની સામેથી પસાર થાય છે. આ તમામ યોગ ઈરાનને લડાયક બનાવશે પણ તે હાર સ્વીકારશે નહીં અને યુદ્ધને પોતાની શરત પ્રમાણે અટકાવશે અને લાંબુ ચાલશે.

# રાજ્યમાં 24 કલાકમાં કપરાડા અને નાનાપોંઢામાં હળવો વરસાદ

**ભારે** વરસાદ બાદ ત્રણ દિવસથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર કોરાકટ

16 જુલાઈથી વરસાદની બીજી ઇનિંગ શરુ થવાની આગાહી

ગાંધીનગર : રાજ્યમાં વરસાદી માહોલ નબળો પડ્યો છે. છેલ્લા 24 કલાકમાં વલસાડ જિલ્લાના બે તાલુકામાં જ હળવો વરસાદ નોંધાયો છે, જ્યારે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદનો વિરામ યથાવત રહ્યો છે.

રાજ્યના સત્તાવાર વરસાદના આંકડા મુજબ છેલ્લા 24 કલાકમાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં 3 મિ.મી. (0.12 ઇંચ) અને નાનાપોંઢા તાલુકામાં 2 મિ.મી. (0.08 ઇંચ) વરસાદ નોંધાયો હતો. અન્ય તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો નથી.

બીજી તરફ, રવિવારે સવારે 6:00 વાગ્યાથી સાંજે 4:00 વાગ્યા સુધીના વરસાદના આંકડા મુજબ સમગ્ર રાજ્યમાં માત્ર ભરૂચ તાલુકામાં 1 મિ.મી. (0.04 ઇંચ) વરસાદ નોંધાયો હતો. જ્યારે રાજ્યના અન્ય જિલ્લાઓમાં આ સમયગાળા દરમિયાન વરસાદ નોંધાયો નથી. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી માહોલમાં ઘટાડો જોવા મળી રહ્યો છે, જેના પગલે અનેક વિસ્તારોમાં ગરમી અને ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે.

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. એકાદ-બે વિસ્તારોને બાદ કરતાં રાજ્યના મોટાભાગના ભાગોમાં વરસાદ નબળો રહ્યો છે. જોકે હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં વરસાદી માહોલમાં ધીમે ધીમે વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

અમદાવાદ વિમાની મથક ખાતે આવેલી હવામાન ખાતેની કચેરીને વૈજ્ઞાનિકના જણાવ્યા પ્રમાણે 12થી 14 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

આ સમયગાળા દરમિયાન જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, ભરૂચ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં વરસાદની શક્યતા છે. જ્યારે રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા સહિત રાજ્યના અન્ય જિલ્લાઓમાં નોંધપાત્ર વરસાદની સંભાવના ઓછી છે અને વાતાવરણ સામાન્ય રહેવાની શક્યતા છે.

15 જુલાઈના રોજ પણ રાજ્યના મર્યાદિત વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિ ચાલુ રહેવાની શક્યતા છે. પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, આણંદ, ખેડા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. બીજી તરફ અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા સહિતના વિસ્તારોમાં વરસાદની શક્યતા ઓછી હોવાથી વાતાવરણ સૂકું રહેવાની સંભાવના છે.

16થી 18 જુલાઈ દરમિયાન રાજ્યમાં વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની સંભાવના છે. આ દરમિયાન દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે મહેસાણા, કચ્છ, જામનગર સહિતના કેટલાક જિલ્લાઓમાં નોંધપાત્ર વરસાદની સંભાવના ઓછી હોવાનું અનુમાન છે.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે 16 જુલાઈથી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ ફરી સક્રિય બનવાની શક્યતા છે. અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, વડોદરા સહિત અનેક શહેરોમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાઈ શકે છે.

# ભાવિ પેઢીના છાંયડા માટે શતાયુ વૃક્ષોનું આવરણ બનાવવું પડશે

૧૦૧ ઓક્સિજન પાર્કનું ઈ-લોકાર્પણ કરતાં અમિત શાહ



ગાંધીનગર : અમદાવાદ મનપાના ‘મિશન ફાઈવ મિલિયન ટ્રી’ અંતર્ગત અંદાજે ૧.૨૫ કરોડ વૃક્ષોનું સામૂહિક વૃક્ષારોપણ તેમજ એએમસી, ઔડા તથા માર્ગ અને મકાન વિભાગના મળીને અંદાજિત રૂ. ૪૦૫ કરોડનાં વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત તથા અમદાવાદગના સાયન્સ સિટી ખાતે ગાંધીનગર લોકસભા વિસ્તારમાં કુલ ૧૦૧ ઑક્સિજન પાર્ક તથા ૧૫૫ એસી ઈલેક્ટ્રિક BRTS-AMTS બસનું લોકાર્પણ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના હસ્તે કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી અમિત શાહે જણાવ્યું કે ગાંધીનગર લોકસભા ક્ષેત્ર અને અમદાવાદ શહેરમાં પર્યાવરણના સંરક્ષણ અને પૃથ્વીના સંવર્ધન માટે એક અભૂતપૂર્વ ‘જન અભિયાન’ હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં આજે એક જ દિવસમાં ૧,૨૫,૯૩,૫૧૩ વૃક્ષો રોપવાનું ભગીરથ કાર્ય પૂર્ણ કરીને એક નવો વિક્રમ સ્થાપવાની નેમ વ્યક્ત કરી હતી. ભાવિ પેઢી માટે પૃથ્વીને જીવવાલાયક રાખવા માટે વૃક્ષોનું આવરણ જરૂરી છે. આ માટે તેમણે દરેક નાગરિકને પોતાના ઘર પર સોલાર રૂફટોપ લગાવવા અને સોસાયટીના દરેક ખૂણે વૃક્ષ વાવવા અપીલ કરી હતી. જેથી વધતાં તાપમાન અને ઓઝોન સ્તરના નુકસાન સામે આવનારી પેઢીઓને રક્ષણ મળી શકે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે આજે વૃક્ષારોપણ એક સાર્વત્રિક જનઆંદોલન બની ચૂક્યું છે. આજે પાણી અને વીજળી સહિતના દરેક ક્ષેત્રમાં પર્યાવરણની જાળવણી એ આપણો મુખ્ય ધ્યેય હોવો જોઈએ. ગાંધીનગર લોકસભા વિસ્તારને દેશનો સૌથી વધુ વિકસિત ક્ષેત્ર બનાવવાનો ધ્યેય છે.

## વૃક્ષ કાપતી વખતે નીચે પટકાયેલા જલાલપોરના યુવકનું મોત

સુરતઃ પાંડેસરા જીઆઈડીસીમાં ઝાડ કાપતી વખતે નીચે પટકાયેલા જલાલપોરના યુવકનું મોત નિપજ્યું હતું.

મળેલી માહિતી મુજબ, નવસારી જલાલપોર ખાતે આવેલ સરાઈ ગામમાં 30 વર્ષીય સુરેશ રાજુભાઈ રાઠોડ પાંડેસરા જીઆઈડીસી વિસ્તારમાં બાગ બગીચા ખાતાનો કોન્ટ્રાક્ટ ધરાવતા વિરલભાઈ શાહ રવિવારે સવારે સુરેશને મજૂરી માટે પાંડેસરા જીઆઈડીસી ખાતે લઈને આવ્યા હતા. તે પાંડેસરા જીઆઈડીસીમાં ભવાની ટેકસટાઈલ પાર્કમાં લાગેલા CCTV કેમેરામાં ઝાડ નડતું હોવાથી સુરેશ ત્યાં ઝાડ કાપવાની કામગીરી માટે ગયો હતો. દરમિયાન ઝાડ કાપતી વખતે તે અંદાજે પંદરેક ફૂટ ઉપરથી નીચે પડી જતાં તેનું મોત થયું હતું.

# અયોધ્યા બાદ સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં પણ દાનની ચોરી

રૂ. 1.04 લાખની ચોરી કરનાર ચિરાગ ઠાકોર મંદિરમાં દાનના રૂપિયા ગણવાનું કામ કરે છે

**બાથરૂમ** જવાના બહાને નીકળ્યો ત્યારે રૂપિયા 500નું બંડલ પડી જતાં ઘટના બહાર આવી

ગાંધીનગર : અયોધ્યા રામ મંદિરની જેમ સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં દાનપેટીની રકમની ગણતરી દરમિયાન ચોરીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. મંદિરના ભંડારમાંથી રૂ. 1.04 લાખની રોકડ ચોરી કરવાનો પ્રયાસ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતાં મંદિર ટ્રસ્ટે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે અંબાજી મંદિરમાં ભક્તો દ્વારા દાનમાં અપાયેલી રકમની નિયમિત ગણતરી ચાલી રહી હતી. આ દરમિયાન હંગામી કર્મચારી ચિરાગ ઠાકોરે રૂ. 500ની 208 નોટોનું કુલ રૂ. 1.04 લાખનું બંડલ સંતાડી લીધું હતું. બાદમાં તે બાથરૂમ જવાના બહાને ગણતરી સ્થળેથી બહાર નીકળ્યો હતો. જોકે બહાર નીકળતી વખતે તેના કપડાંમાં સંતાડેલું નોટોનું બંડલ અચાનક નીચે પડી જતાં ત્યાં હાજર અન્ય કર્મચારીઓની નજર તેના પર પડી હતી. કર્મચારીઓએ તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓને જાણ કરતા સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન સીસીટીવી ફૂટેજ ચકાસતાં કર્મચારી સ્પષ્ટપણે કેમેરામાં કેદ થઈ હોવાનું સામે આવ્યું હતું. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થતાં સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે.

આ ઘટનાને ગંભીરતાથી લઈને અંબાજી મંદિર ટ્રસ્ટના ચેરમેન તેમજ બનાસકાંઠાના જિલ્લા અધિક કલેક્ટર દ્વારા પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદના આધારે પોલીસે હંગામી કર્મચારી ચિરાગ ઠાકોર સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. વધુ પૂછપરછમાં આ ચોરીમાં સંડોવાયેલા અન્ય બે વ્યક્તિઓના નામ બહાર આવ્યા હતા, જેના આધારે પોલીસે અન્ય બે આરોપીઓની પણ ધરપકડ કરી કુલ ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. પ્રાથમિક તપાસમાં ચોરી માટે સંતાડવામાં આવેલા બંડલમાં રૂ. 500ની કુલ 208 નોટો મળી આવી હોવાનું સામે આવ્યું છે.

# માગણી નહીં સંતોષાઈ તો ખેડૂતો વીજળીના થાંભલા તોડી નાંખશે

**મોરથાણ** ખાતે પાવરગ્રીડ લાઇન મુદ્દે ખેડૂતોની બેઠક યોજાઈ



સુરત, ઓલપાડઃ પાવર ગ્રીડ કોર્પોરેશન લિમિટેડ દ્વારા પાવરગ્રીડ છેતરપિંડી સામે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓના જે ગામડાઓમાંથી હાઈ ટેન્શન લાઈન પસાર થનાર છે તે અંગે અસરગ્રસ્ત ખેડૂતોની એક અગત્યની બેઠક ઓલપાડ તાલુકાના મોરથાણ ગામે યોજાઈ હતી. જેમાં આગામી તા.૧૮ મીએ સુરત કલેક્ટર કચેરી ખાતે કલેક્ટરને આવેદન પાઠવી ખેડૂતોને બજાર કિંમતના ચાર ગણા ભાવ આપવા માટે રજૂઆત કરવામાં આવશે.

આજની મોરથાણ ખાતેની બેઠકમાં સુરત જિલ્લાના કામરેજ, પલસાણા, બારડોલી સહિતના તાલુકાના અસરગ્રસ્ત ખેડૂતોની બેઠકમાં કોંગ્રેસ કિશાન સેલના પ્રમુખ જયેશ પટેલે(પાલ) જણાવ્યું કે, આ સરકાર માલેતુજારોની સરકાર છે. આવનાર દિવસોમાં ઓલપાડ તાલુકામાં કુલ 8 લાઈનો જનાર છે. જે કોઈ પણ વિસ્તારમાં કોઈ પણ ખેડૂતના ખેતરોમાંથી જઈ શકે એમ છે જેથી ફરી એક વખત સરકાર સામે બાંયો ચઢાવવાનો સમય પાકી ગયો છે. આ મિટિંગમાં ઉપસ્થિત ખેડૂત અગ્રણી દર્શન નાયકે પણ ખેડૂતોને સંગઠિત થવાની અપીલ કરી હતી.

ગુજરાત કોંગ્રેસ સેલના પ્રમુખ જયેશભાઈ પાલે જણાવ્યું કે, ખેડૂતોની બજાર કિંમતથી ચાર ગણા આપવાની માંગ છે. માંગ નહીં સંતોષાય તો થાંભલા તોડી નાખીશું.

ભૂતકાળમાં સ્થાનિક ધારાસભ્ય એ પદ ગુમાવવું પડ્યું છે, આવનાર દિવસોમાં ૨૦૨૭ માં ધારાસભ્યપદ પણ ગુમાવવું પડે તેવી સ્થિતિનું નિર્માણ કરાશે. આ બેઠકમાં સુરત જિલ્લામાંથી જયેશભાઈ એન. પટેલ(દેલાડ),દર્શન નાયક, રતિલાલ મીંઢી,જયેન્દ્ર દેસાઈ, કૌશિક દેસાઈ, ખેડૂત આગેવાન જયેશ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

# કાંઠા સુગર કૌભાંડમાં ગોડાઉન કીપરના જામીન નકારાયા

સુરતઃ ઓલપાડ કાંઠા સુગર સહકારી મંડળી દ્વારા નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) પાસેથી લેવામાં આવેલી કુલ રૂ.15.65 કરોડની લોનમાંથી એક પણ રૂપિયો ભરપાઈ કરવામાં નહીં આવતા ગુનો નોંધાયો હતો.

આ કેસમાં સુગરના પૂર્વ એમ.ડી. પ્રદીપ ગૌત્તમભાઈ પંડ્યા, સુગરના ગોડાઉન કીપર પ્રદીપ ભગુભાઈ પટેલ અને ધી સુરત પીપલ્સ બેંકના પૂર્વ એમ.ડી. જતિનભાઈ ઈશ્વરભાઈ નાયકની ધરપકડ કરી હતી. આ કેસમાં આરોપી ગોડાઉન કીપર પ્રદીપકુમાર ભગુભાઈ પટેલે ચાર્જશીટ રજૂ થયાં બાદ સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. અરજદારના વકીલે દલીલ કરી કે અરજદાર કાંઠા વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.માં માત્ર ગોડાઉન કીપર તરીકે ફરજ બજાવતા હોવા છતાં આરોપી બનાવવામાં આવ્યો છે. ફરિયાદ પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ તપાસ અધિકારી પીએસઆઇ પી.પી. ચાવડાનું સોગંદનામા રજુ કરી દલીલ કરી હતી કે અરજદાર આરોપી સહિતનાએ 59,402 ક્વિન્ટલ ખાંડના સ્ટોકનાં ખોટા દસ્તાવેજો તૈયાર કરી આ દસ્તાવેજોનાં આધારે નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) પાસેથી તા. 22-11-2023ના રૂ. 8,35,45,000 અને 18-09-2023ના રોજ રૂ. 6,26,36,000ની લોન લેવામાં આવી હતી. આ રીતે કુલ રૂ. 15,15,26,000ની લોન છેતરપિંડી કરીને મેળવવામાં આવી હતી.

## અનુસંધાન... પાના પહેલાનું

### ઓમાનના દરિયાકાંઠે...

લોકોને બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે ૧ ભારતીય નાગરિક ગુમ હોવાના અહેવાલ છે. ઓમાનમાં અમારું દૂતાવાસ પરિસ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યું છે અને ચાલુ સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશનમાં ઓમાનના સત્તાવાળાઓ સાથે સક્રિયપણે સંકલન સાધી રહ્યું છે. અમે ઓમાનના સત્તાવાળાઓનો તેમના સહકાર માટે આભાર માનીએ છીએ.”

મંત્રાલયે જણાવ્યું કે, ઓમાનમાં ભારતનું દૂતાવાસ ઘટનાક્રમ પર સક્રિયપણે નજર રાખી રહ્યું છે અને સંકલનના પ્રયાસોમાં મદદ કરી રહ્યું છે. તેણે ચાલુ શોધ અને બચાવ કામગીરીમાં સહકાર આપવા બદલ ઓમાનના સત્તાવાળાઓનો આભાર પણ માન્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું કે, ગુમ થયેલા ભારતીય નાગરિકને શોધવાના પ્રયાસો ચાલુ છે. દૂતાવાસ બચાવ અભિયાનમાં સામેલ સ્થાનિક એજન્સીઓના સંપર્કમાં છે. ભારતે રવિવારે ઓમાનના દરિયાકાંઠે વ્યાપારી જહાજ જીએફએસ ગેલેક્સી પર થયેલા હુમલાની નિંદા કરી હતી.

### ટ્રમ્પના ખાસ સાથી,...

સમર્થકોમાંના એક હતા અને મોસ્કો પર વધુ કડક પ્રતિબંધો લગાવવાના અગ્રણી હિમાયતી હતા. ૨૦૧૬ની રિપબ્લિકન પ્રમુખ પદની ચૂંટણી દોડ દરમિયાન ટ્રમ્પ સાથે કડવી હરીફાઈ હોવા છતાં, તેઓ આગળ જતાં તેમના સૌથી નજીકના રાજકીય સાથીઓમાંના એક બન્યા હતા. યુક્રેન યુદ્ધ વચ્ચે ભારત દ્વારા રશિયન તેલની ખરીદીના ગ્રેહામ કટ્ટર ટીકાકાર હતા અને તેમણે રશિયન ઉર્જા ખરીદનારા ભારત સહિતના દેશો સામે વારંવાર પ્રતિબંધો લગાવવાની માંગ કરી હતી. આ વર્ષની શરૂઆતમાં, ગ્રેહામે જણાવ્યું હતું કે ટ્રમ્પે એક દ્વિપક્ષીય કાયદાને લીલી ઝંડી આપી દીધી છે જેના પર તેમણે મહિનાઓ સુધી કામ કર્યું હતું. આ કાયદો અમેરિકાના પ્રમુખને રશિયન તેલ ખરીદતા ભારત સહિતના દેશો પર ૫૦૦ ટકા સુધીની ટેરિફ લાદવાની સત્તા આપશે. તેમણે અગાઉ “પરિસ્થિતિ કેવી રીતે બદલાઈ શકે છે તેના એક સારા ઉદાહરણ” તરીકે ભારત પરના યુએસ ટેરિફનો ઉલ્લેખ કર્યો હતો, સાથે જ એવો દાવો પણ કર્યો હતો કે નવી દિલ્હીએ રશિયન તેલની ખરીદીમાં મોટો ઘટાડો કર્યો છે.

ગ્રેહામ હાલમાં જ યુદ્ધ સમાધાન સંબંધી કાર્ય બાબતે યુક્રેન જઈ આવ્યા હતા. તેઓ ૧૧ જુલાઈએ અચાનક બિમાર પડી ગયા હતા અને થોડા સમય પછી તેમનું અવસાન થયું હતું એ મુજબ તેમની કચેરી તરફથી અપાયેલી માહિતી પરથી જાણવા મળે છે.

### મોટા ભાગના...

ભૂસ્ખલનની ઘટનાઓ બની હતી, જેના લીધે બે રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૧૨૬ રસ્તાઓ બ્લોક થઈ ગયા હતા, જ્યારે દેહરાદૂનમાં એક દીવાલ ધરાશાયી થતાં એક મહિલા ઘાયલ થઈ હતી અને સાત પરિવારોને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. સિયાનાચટ્ટી ખાતે ભૂસ્ખલનને કારણે છેલ્લા ત્રણ દિવસથી બંધ રહેલા યમુનોત્રી હાઈવે પર સમારકામ ચાલી રહ્યું હતું. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (એસઈઓસી) ના જણાવ્યા અનુસાર, સિયાનાચટ્ટી ખાતે ભૂસ્ખલન થયા બાદ ઋષિકેશ-યમુનોત્રી નેશનલ હાઈવે છેલ્લા ત્રણ દિવસથી બંધ છે. હિમાચલમાં હળવાથી મધ્યમ વરસાદ પડતાં ચોમાસાનો દોર ચાલુ રહ્યો હતો. મંડી જિલ્લાના જોગીન્દરનગરમાં શનિવાર સાંજથી છેલ્લા ૨૪ કલાકમાં ૬૦ મીમી વરસાદ નોંધાયો હતો, ત્યાર બાદ મનાલી (૪૫ મીમી), સરાહન (૩૮.૫ મીમી), રોહરુ (૨૫ મીમી) અને શિમલા (૧૯ મીમી)નો નંબર આવે છે. શિમલા શહેરની જીવાદોરી સમાન કાર્ટ રોડ પર હિમાચલ પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય મથકની સામે લિફ્ટ નજીક કાટમાળ અને એક ઝાડ રસ્તા પર પડતાં થોડા કલાકો માટે ટ્રાફિક થંભી ગયો હતો.

### અમેરિકાએ ફરીથી...

વસૂલ કરી શકે છે.

ઈરાનની સંસદના સ્પીકર અને મુખ્ય વાટાઘાટકાર મોહમ્મદ બાગેર ગાલિબાફે રવિવારે લખ્યું, “એકતરફી કરારોનો યુગ પૂરો થઈ ગયો છે. અમે તમને કહ્યું હતુંઃ તમારું વચન પાળો અથવા કિંમત ચૂકવો. હકીકત સામે આવી રહી છે.”

ઈરાન અને અમેરિકા ૧૭ જૂને વચગાળાના યુદ્ધવિરામ માટે સંમત થયા હતા, જે અંતર્ગત યુદ્ધનો કાયમી અંત લાવવાના ઉદ્દેશ્ય સાથે ૬૦ દિવસનો ગાળો શરૂ થયો હતો, જેને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ત્રણ દિવસ પહેલાં પૂર્ણ થયેલો જાહેર કર્યો હતો.

### રામ મંદિરમાં 40...

વ્યવસ્થાની જગ્યા લેશે, જેના હેઠળ આ કથિત ચોરીઓ થતી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ચોરીઓ બપોરે 2 વાગ્યાથી રાત્રે 9 વાગ્યાની વચ્ચે થઈ હતી, જ્યારે બીજી શિફ્ટ દરમિયાન દાનની ગણતરી કરવામાં આવતી હતી. અગાઉ ગણતરી બે શિફ્ટમાં થતી હતી - સવારે 6 થી બપોરે 2 વાગ્યા સુધી અને બપોરે 2 થી રાત્રે 9 વાગ્યા સુધી. સુધારેલી વ્યવસ્થા હેઠળ, દાનની ગણતરી હવે માત્ર સવારે 9 થી સાંજના 6 વાગ્યાની વચ્ચે જ કરવામાં આવે છે. પોલીસે જણાવ્યું કે, આરોપીઓ અવિનાશ શુક્લા, અનુકલ્પ મિશ્રા, લવ કુશ મિશ્રા અને કરુણેશ પાંડેની કસ્ટડી રિમાન્ડ દરમિયાન પૂછપરછમાં આ ખુલાસા થયા છે. અધિકારીઓએ આક્ષેપ કર્યો છે કે, 70માંથી 50થી વધુ ચોરીઓમાં અવિનાશ શુક્લા સામેલ હતો, જે તેને મુખ્ય આરોપી બનાવે છે. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે, ચોરી દરમિયાન શુક્લા અને અનુકલ્પ મિશ્રા કથિત રીતે એકબીજાને મદદ કરતા હતા. તપાસ મુજબ, આરોપીઓ કેટલીકવાર એક જ દિવસમાં બે વાર ચઢાવો ચોરી લેતા હતા, જ્યારે પાંચ પ્રસંગોએ એક જ દિવસમાં ત્રણ વખત ચોરી થઈ હોવાનું કથિત રીતે સામે આવ્યું છે.

### કાઠમંડુ ફરી સળગ્યું...

- જેમાંથી મોટા ભાગના લોકો ‘જેન-ઝી’ ભાષા અને પદ્ધતિઓનો ઉપયોગ કરી રહ્યા હતા - તેમણે પ્લેકાર્ડ્સ હાથમાં રાખ્યા હતા જેના પર ‘ગરીબો પર અત્યાચાર બંધ કરો, માનવ અધિકારોનું સન્માન કરો, ગેરકાયદેસર ધરપકડ રોકો અને ઝૂંપડપટ્ટીવાસીઓને આશ્રય આપો’ જેવા સૂત્રો લખેલા હતા. આ દેખાવો ગયા વર્ષે હિમાલયન રાષ્ટ્રમાં ફાટી નીકળેલા સરકાર વિરોધી પ્રદર્શનો સાથે સમાનતા ધરાવે છે.

### કેનેડાના ટોરેન્ટોમાં...

જણાવ્યું કે ઘટનાસ્થળને સુરક્ષિત કરી લેવામાં આવ્યું છે, પરંતુ સાથે જ સાવચેત કર્યા કે હજી સુધી કોઈ શંકાસ્પદ વ્યક્તિ કે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી નથી. વેલેરી રોડ્રિગ્ઝે જણાવ્યું કે, તે શનિવારે રાત્રે એક રેસ્ટોરન્ટની બાજુમાં બેઠી હતી ત્યારે તેણે લોકોને ચીસો પાડતાં અને ભાગતાં જોયા. વેલેરીએ કહ્યું, “ઘણા બધા લોકોએ... અમને જમીન પર સૂઈ જવા કહ્યું. અમે ડરી ગયા હતા કારણ કે અમને બરાબર ખબર નહોતી કે શું થઈ રહ્યું છે.” ફેસ્ટિવલના એક વિક્રેતા પેટ્સી ગુટીરેઝે જણાવ્યું કે, જ્યારે તેણે લોકોનું એક મોટું ટોળું દોડતું જોયું ત્યારે તે ગ્રાહકોને સામાન આપી રહી હતી.